શ્રી ગિરિરાજ ગોવર્ધનનું પ્રાગટ્ય :

ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય લીલાનું સાક્ષાત્ સ્વરૂપ

ધર્મરંગ

વ્યોમા સેલર

ગિરિરાજ ગોવર્ધન માત્ર એક પર્વત નથી, પરંતુ વૈષ્ણવ પરંપરામાં ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાત્ સ્વરૂપ તરીકે પૂજાય છે. ગોવર્ધન પર્વતનું પ્રાગટ્ય, તેના પવિત્ર સ્વરૂપ અને ભગવાન શ્રીકૃષ્ણ સાથેના તેના અતૂટ સંબંધની કથા અત્યંત ભાવપૂર્ણ અને ભક્તિરસથી ભરેલી છે.

વ્રજભૂમિની પવિત્ર ધરતી પર આવેલો ગોવર્ધન પર્વત ભક્તો માટે અત્યંત મહત્ત્વ ધરાવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં ગિરિરાજજીને ભગવાન શ્રીકૃષ્ણથી અભિન્ન માનવામાં આવે છે. ગિરિરાજજીનાં દર્શન, પરિક્રમા અને સેવા કરવાથી ભક્તોને વિશેષ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ થાય છે. ગોવર્ધન લીલાનું વર્ણન શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમ સ્કંધમાં મળે છે.

ગિરિરાજજીનું દિવ્ય પ્રાગટ્ય

પૌરાણિક કથા અનુસાર, એક વખત દ્રોણાચળ પર્વતના પુત્ર તરીકે ગોવર્ધન પર્વતનું પ્રાગટ્ય થયું હતું. ગોવર્ધન અત્યંત સુંદર, વિશાળ અને દિવ્ય ગુણોથી સંપન્ન હતા. તેમનાં શિખરો પર વિવિધ પ્રકારનાં વૃક્ષો, વેલીઓ, ફૂલો અને ઔષધિઓ શોભતાં હતાં. અનેક નદીઓ, ઝરણાં અને રમણીય કુંજોથી ગોવર્ધન પર્વતનું સ્વરૂપ અત્યંત મનોહર હતું.

એક પ્રસંગે મહર્ષિ પુલસ્ત્ય ઋષિ દ્રોણાચળ પર્વત પાસે આવ્યા. તેમને ગોવર્ધન પર્વતનું સૌંદર્ય ખૂબ જ ગમ્યું. તેમણે દ્રોણાચળને ગોવર્ધનને પોતાની સાથે કાશી લઈ જવાની ઇચ્છા વ્યક્ત કરી. દ્રોણાચળ પોતાના પુત્રથી વિખૂટા પડવા ઇચ્છતા ન હતા, પરંતુ ઋષિના આગ્રહને કારણે ગોવર્ધનને તેમની સાથે જવાની સંમતિ આપી.

ગોવર્ધને ઋષિ સમક્ષ એક શરત મૂકી કે રસ્તામાં જ્યાં પણ મને નીચે મૂકવામાં આવશે ત્યાં હું ફરીથી આગળ વધીશ નહીં. પુલસ્ત્ય ઋષિએ આ શરત સ્વીકારી. યાત્રા દરમિયાન જ્યારે તેઓ વ્રજભૂમિમાંથી પસાર થતા હતા, ત્યારે ગોવર્ધનના દિવ્ય સ્વરૂપ અને વ્રજની પવિત્રતાથી પ્રભાવિત થઈને ગોવર્ધને ત્યાં જ સ્થિર થઈ જવાનું નક્કી કર્યું. ઋષિએ તેમને ઊંચકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ સફળ થયા નહીં. આ રીતે ગોવર્ધન પર્વત વ્રજભૂમિમાં સ્થિર થયા. આ પ્રાગટ્યકથા વિવિધ વૈષ્ણવ પરંપરાઓમાં વર્ણવાય છે.



શ્રીકૃષ્ણે ગોવર્ધન પૂજાનો મહિમા સમજાવ્યો

દ્વાપરયુગમાં વ્રજમાં નંદબાબા સહિત ગોપસમાજ ઇન્દ્રદેવને પ્રસન્ન કરવા માટે યજ્ઞની તૈયારી કરતો હતો. ત્યારે બાળ શ્રીકૃષ્ણે પિતા નંદબાબાને પૂછ્યું કે આ યજ્ઞ શા માટે કરવામાં આવે છે? નંદબાબાએ સમજાવ્યું કે ઇન્દ્રદેવ વરસાદ વરસાવે છે, જેના કારણે ગાયો માટે ઘાસચારો અને ખેતી માટે પાણી મળે છે.

ત્યારે શ્રીકૃષ્ણે સમજાવ્યું કે ગોવર્ધન પર્વત આપણાં ગાયોને લીલું ઘાસ, પાણી, ફળો અને આશ્રય આપે છે. તેથી ગોવર્ધનની પૂજા કરવી જોઈએ. ભગવાનની આજ્ઞાથી સમગ્ર વ્રજવાસીઓએ ગોવર્ધન પર્વતની પૂજા કરી અને અન્નકૂટ ધરાવ્યો.

ગિરિરાજને ટચલી આંગળી પર ધારણ કર્યા

ઇન્દ્રદેવને પોતાની પૂજા બંધ થવાથી ક્રોધ આવ્યો. તેમણે વ્રજભૂમિ પર ભયંકર વરસાદ અને વાવાઝોડું વરસાવ્યું. વ્રજવાસીઓ ગભરાઈને શ્રીકૃષ્ણના શરણે આવ્યા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે પોતાની ડાબા હાથની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વતને ધારણ કર્યો અને સમગ્ર વ્રજવાસીઓને તેની નીચે આશ્રય આપ્યો.

સાત દિવસ સુધી ભગવાને ગિરિરાજને ધારણ કરીને વ્રજવાસીઓ અને ગૌમાતાઓનું રક્ષણ કર્યું. અંતે ઇન્દ્રદેવને પોતાની ભૂલ સમજાઈ અને તેમણે ભગવાનની ક્ષમા માગી.

ગિરિરાજજીની પરિક્રમા અને ભક્તિનું મહત્ત્વ

આજે પણ ગોવર્ધન પર્વતની સાત કોસ એટલે કે આશરે 21 કિલોમીટરની પરિક્રમા કરવાનું વિશેષ મહત્ત્વ છે. લાખો શ્રદ્ધાળુઓ ગિરિરાજજીની પરિક્રમા કરે છે. ભક્તો દંડવત્ પરિક્રમા કરીને પોતાની શ્રદ્ધા અને સમર્પણ વ્યક્ત કરે છે. ગોવર્ધન પૂજાના દિવસે અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને ભગવાનને વિવિધ પ્રકારની વાનગીઓ ધરાવવામાં આવે છે.

> ભક્તો દંડવત્ પરિક્રમા કરીને પોતાની શ્રદ્ધા અને સમર્પણ વ્યક્ત કરે છે. ગોવર્ધન પૂજાના દિવસે અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને ભગવાનને વિવિધ પ્રકારની વાનગીઓ ધરાવવામાં આવે છે.

વૈષ્ણવ ભક્તો માટે ગિરિરાજજીની સેવા એટલે શ્રીકૃષ્ણની સેવા.

વ્રજભૂમિમાં આવેલી ગિરિરાજ ગોવર્ધનની પરિક્રમા વૈષ્ણવ ભક્તો માટે અત્યંત પવિત્ર અને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ગોવર્ધન પર્વતની પરંપરાગત પરિક્રમા આશરે 21 કિલોમીટર એટલે કે સાત કોસની હોય છે. ભક્તો 'ગિરિરાજ મહારાજ કી જય'ના જયઘોષ સાથે પગપાળા પરિક્રમા કરે છે. કેટલાક ભક્તો દંડવત્ પ્રણામ કરતાં પરિક્રમા પૂર્ણ કરે છે. પરિક્રિયા માર્ગમાં દાનઘાટી, માનસી ગંગા, રાધાકુંડ અને શ્યામકુંડ જેવાં પવિત્ર સ્થળોનાં દર્શન થાય છે. ગિરિરાજજીની પરિક્રમા કરવી એટલે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે શ્રદ્ધા, સમર્પણ અને નિર્મળ ભક્તિ વ્યક્ત કરવી.

તફાવત

બાઉલ કથા

લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

મુકુટચાંદ બાઉલ તમલુકમાં બાબા પગલાં વર્ગના બાઉલ છે. તેમની પરંપરામાં શાકત તરફ ઝુકાવ હોય પરંતુ અમૂર્ત સ્વરૂપને પૂજનાર હોય. સરળ સહજ સાધના દ્વારા મનેરમાનુષ સ્વરૂપ ઈશ્વરને પામવાની મથામણ કરનાર આ બાઉલનો વર્ગ છે. અમે તેના આશ્રમમાં હતા ત્યારે એક શક્તિપૂજક રાંગા ખેપા નામે સાધક મહેમાન બની આવ્યો હતો. રાંગા ખેપા એ બાઉલ નહોતો પરંતુ તંત્ર માર્ગનો કઠોર સાધક હતો. તમલુક અંદર આવેલી 51 શક્તિપીઠ પૈકીની એકના દર્શન-પૂજન માટે આવ્યા હતા. કોઈ ઓળખાણને લીધે આજે મુકુટ ચાંદના મહેમાન બન્યા હતા.

રાત્રે ખૂબ સત્સંગ કરી અમે સૌ સૂઈ ગયા. વહેલી સવારે એક નીલગાયની ચીસાચીસે અમારી ઊંઘ ઉઘાડી દીધી.



ઘટના એવી હતી કે વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠી જનાર મુકુટ ચાંદ કરતાં પણ શક્તિપૂજક રાંગા ખેપા, એક કલાક એટલે કે ચાર વાગે ઊઠી ગયા હતા. તે ઊઠ્યા ત્યારે, આશ્રમના એક ભાગમાં આ નીલ ગાયને



ફરતી જોઈ, શાક્તભક્ત હોવાથી ગુસ્સાવાળા સ્વભાવને લીધે, તેણે નીલગાયને છૂટી લાકડી મારી અને ઘાયલ નીલગાય કણસવા લાગી.

મુકુટ ચાંદ બાજી સંભાળી, પાસે ગયા. નીલગાયના આગળના ડાબા પગમાં કળ વળી ગઈ હતી. ગરમ પાણીથી થોડો શેક કર્યો અને નીલગાય સલામત રીતે ચાલી ગઈ.

મુકુંદ દાસે રાંગા ખેપાને કહ્યું, ''આ નીલગાય રોજ આવે છે. આશ્રમના જે વિસ્તારમાં તે ગઈ ત્યાં તેને માટે આશ્રમનાં ફળ, છાલ વગેરેનું ભોજન રાખેલું હોય છે. તે ભોજન કરે છે, પછી ચાલી જાય છે. જુઓ ને! હું તેની પાસે ગયો, તેની સેવા કરી તો પણ તે ક્યાં ડરતી હતી?'' રાંગા ચૂપચાપ બધું સાંભળતો હતો. તે બોલ્યો, ''મુકુટદાસ બાઉલ! અમને આ રીતે જગત આખા પર પ્રેમ કરતા શીખવાડો ને?''

મુકુટદાસ બાઉલ હસવા લાગ્યા. ઓસરીની કોર પર એક માટીનું માટલું અને તાંબાનો ઘડો પડ્યા હતા. તેમાંથી માટલા પર હાથ મૂકી બોલ્યા, ''રાંગા! આ માટલામાં ગમે તેવું ગરમ પાણી હશે, ઠંડું થઈ જશે! કેમ? કારણ કે તે કુંભારના સહજ હાથે, ચાકના ચક્ર પર, સરળતાથી ચક્કર ચક્કર ફરીને ઘડાયું છે! તે પોતાના સાથે થયેલા સહજ વ્યવહાર જેવો જ વ્યવહાર, અન્યોની સાથે કરી તેને પણ શીતળ બનાવી દે છે!'' પછી બાજુમાં પડેલા

> આ માટલામાં ગમે તેવું ગરમ પાણી હશે, ઠંડું થઈ જશે! કેમ? કારણ કે તે કુંભારના સહજ હાથે, ચાકના ચક્ર પર, સરળતાથી ચક્કર ચક્કર ફરીને ઘડાયું છે! તે પોતાના સાથે થયેલા સહજ વ્યવહાર જેવો જ વ્યવહાર, અન્યોની સાથે કરી તેને પણ શીતળ બનાવી દે છે

તાંબાના ઘડા પર હાથ મૂકી બોલ્યા, ''આ છે તાંબાનો ઘડો! કાચી ધાતુમાંથી અગ્નિ વડે જ શુદ્ધ થઈ અને તાંબુ બન્યો, અગ્નિમાં ટીપાઈ ટીપાઈ, હથોડા ખાઈ, અત્યંત કઠીન સાધના અને ગહન પ્રયત્ન પછી, તાંબાનો ઘાટ પામ્યો છે! તેનું ઘડાવું મઠારાઉં, તે બધી ક્રિયા સરળ નથી, સંકુલ જ રહી છે. તેથી તે પાણી સાથે પણ સહજ રહી શકતો નથી. તે પાણીને શીતલ કઈ રીતે બનાવી શકે?''

સમાપન કરતા મુકુટદાસ બોલ્યા, ''ભાઈ રાંગા! તમારી સાધના તો ઉચ્ચ, અટપટી, આગ લગાવવી પડે, હથોડા ચલાવવા પડે, એવી સંકુલ છે! તેથી, તમે અમારી જેમ પ્રેમ કરી જગતને ઠંડું ક્યાંથી રાખી શકો?''

